ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૯/૦૩/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
............................,
ભાવનગર.

## વિશ્વ ચકલી દિવસ નિમિતે
## ગ્રિન સીટી અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના સંયુકત ઉપક્રમે
## ચકલીના માળાનું વિનામુલ્યે વિતરણ અને ફોટો પ્રદર્શન
## લુપ્ત થતું ઘર આંગણાનું પક્ષી, ચકલીને બચાવવા લોક જાગૃતિ કાર્યક્રમ

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારની સાથે લોક જાગૃતિ માટે અનેકવિધ પ્રવૃતિઓ તેમજ વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે, તેમજ ગ્રીન સીટી દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટેની અનેકવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવે છે.

જે અંતર્ગત સમગ્ર વિશ્વમાં લુપ્ત થતું ઘર આંગણાનું પક્ષી ચકલીને બચાવવાના પ્રયત્ન રૂપે **૨૦મી માર્ચ**ને વિશ્વ ચકલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજની આપણી જીવનશૈલીમાં વપરાતા વિવિધ ઉપકરણો તથા અદ્યતન સવલતો માટે આપણે પર્યાવરણનું નુકશાન કરી રહયા છીએ. તે આપણા વર્તમાન અને આવનારા ભવિષ્ય માટે આપણને નુકશાન કર્તા છે. પર્યાવરણનું આ નુકશાન ફકત માનવજાત માટે નહી, પરંતુ સમગ્ર જીવન સૃષ્ટિ, પક્ષીઓ, પ્રાણીઓ વગેરેને પણ નુકશાન કર્તા છે. એવું જ એક પક્ષી ચકલી જે માનવજાતીનું જુનું સાથી અને સર્વ વ્યાપક છે. તે લુપ્ત થઈ રહી છે.

**ગ્રિન સીટી અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આ લુપ્ત થતી ચકલીને બચાવવાના પ્રયત્નના ભાગ રૂપે ચકલીઓ માટે જગતભાઈ કિનખાબવાળા નાં સહયોગથી ચકલીઓના માળાનું વિનામુલ્યે વિતરણ અને વિવિધ પ્રજાતિઓની ચકલીઓ તથા અન્ય લુપ્ત થતા પક્ષીઓનું માહિતીસભર ચાર્ટ તેમજ ચિત્રોનું પ્રદર્શન તા.૨૦/૦૩/૨૦૧૬ને રવિવારના રોજ સાંજે ૬:૦૦ કલાક થી ૮:૩૦ કલાક દરમ્યાન બી. એમ. કોર્મસ હાઈસ્કુલ પાસે, ઘોઘા સર્કલ, ભાવનગર ખાતે આયોજન કરવામાં આવેલ છે.**

ગ્રિન સીટી અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા આયોજીત ચકલી બચાવવાના આ અભિયાનમાં જોડાવા માટે ગ્રિન સીટી ના દેવેનભાઈ શેઠ તથા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ અપીલ કરે છે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર.